## ૧૩

# અનેકાંતવાદ

**અનેકાંત** એ જૈન સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાંત છે, જે તત્ત્વજ્ઞાન અને ધર્મના બન્ને પ્રદેશમાં સમાનપણે માન્ય થયેલો છે. અનેકાંત અને સ્યાદ્વાદ એ બન્ને શબ્દો અત્યારે સામાન્ય રીતે એક જ અર્થમાં વપરાય છે. માત્ર જૈનો જ નહિ, પણ જૈનેતર સમજદાર લોકો જૈન દર્શન ને જૈન સંપ્રદાયને અનેકાંતદર્શન કે અનેકાંતસંપ્રદાય તરીકે ઓળખે–ઓળખાવે છે. હમેશાંથી જૈન લોકો પોતાની અનેકાંત સંબંધી માન્યતાને એક અભિમાનની વસ્તુ લેખતા આવ્યા છે અને એની ભવ્યતા, ઉદારતા તેમ જ સુંદરતાનું સ્થાપન કરતા આવ્યા છે. અહીં આપણે જોવાનું એ છે કે અનેકાંત એ વસ્તુ શું છે?

### અનેકાંતની સામાન્ય સમજૂતી

અનેકાંત એ એક જાતની વિચારપદ્ધતિ છે. તે બધી દિશાઓથી, બધી બાજુથી ખુલ્લું એવું એક માનસચક્ષુ છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈ પણ વિષયને તે માત્ર એક જ તૂટેલી કે અધૂરી બાજુથી જોવા ના પાડે છે અને શક્ય હોય તેટલી વધારેમાં વધારે બાજુએથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે માર્મિક રીતે તે સર્વ કાંઈ વિચારવા, આચરવાનો પક્ષપાત ધરાવે છે. આ તેનો પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે. અનેકાંતનું જીવિતપણું અગર જીવન એટલે તેની પાછળ, આગળ કે અંદર સર્વત્ર સત્યનું–યથાર્થતાનું વહેણ. અનેકાંત એ માત્ર કલ્પના નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સત્યસિદ્ધ થયેલી કલ્પના હોઈ તે તત્ત્વજ્ઞાન છે અને વિવેકી આચરણનો વિષય હોઈ તે ધર્મ પણ છે. અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા, વિચારવા, અપનાવવા પ્રેરે છે, તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિશે પણ ખુલ્લા મનથી વિચાર કરવા ફરમાવે છે. જેટલું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું જ અનેકાંતનું બળ કે જીવન.

[દઅચિં૦ ભા૦ ૨, પૃ. ૮૭૩]

કોઈ પણ વિશિષ્ટ દર્શન હોય કે ધર્મ-પંથ હોય, એના આધારરૂપ —એના મૂળ પ્રવર્તક પુરુષની—એક ખાસ દૃષ્ટિ હોય છે, જેમ કે શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાં 'અદ્વૈતદૃષ્ટિ' અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મ-પંથ-પ્રવર્તનમાં 'મધ્યમપ્રતિપદાદૃષ્ટિ' એ ખાસ દૃષ્ટિઓ છે. જૈન દર્શન ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે; સાથે સાથે વિશિષ્ટ ધર્મ-પંથ પણ છે; તેથી એના પ્રવર્તક અને પ્રચારક મુખ્ય પુરુષોની એક ખાસ દૃષ્ટિ એના મૂળમાં હોવી જ જોઈએ, અને એ છે પણ ખરી. આ દૃષ્ટિ જ અનેકાંતવાદ છે. જૈન તત્ત્વવિચાર હોય કે આચાર–વ્યવહાર હોય, ગમે તે હોય, એ બધુંય અનેકાંતદૃષ્ટિને આધારે યોજવામાં આવે છે. અથવા એમ કહી શકાય કે અનેક પ્રકારના વિચારો અને આચારોમાંથી જૈન વિચાર અને જૈન આચાર શું છે? એ કેવા હોઈ શકે?—એ નક્કી કરવાની અને એની આકારણી કરવાની એકમાત્ર કસોટી પણ અનેકાંતદૃષ્ટિ જ છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૪૯]

### અન્ય દર્શનોમાં દેખાતી અનેકાંતદૃષ્ટિ

આપણે બધા જાણીએ છીએ કે બુદ્ધ પોતાને વિભજ્યવાદી કહે છે.[૧] જૈન આગમોમાં મહાવીરને પણ વિભજ્યવાદી કહ્યા છે.[૨] વિભ-

૧. મજ્ઝિમનિકાય સુ૦ ૯૯.

૨. સૂત્રકૃતાંગ ૧-૧૪-૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યવાદનો અર્થ છે પૃથક્કરણ કરીને સત્ય-અસત્યનું નિરૂપણ કરવું અને સત્યોનો યોગ્ય સમન્વય કરવો. વિભજ્યવાદનું જ બીજું નામ અનેકાંત છે, કારણ કે વિભજ્યવાદમાં એકાંત દૃષ્ટિબિંદુનો ત્યાગ હોય છે. બૌદ્ધ પરંપરામાં 'વિભજ્યવાદ'ને સ્થાને 'મધ્યમમાર્ગ' શબ્દ વધારે રૂઢ છે. અંતો(છેડાઓ)નો ત્યાગ કરવા છતાં અનેકાંતના અવલંબનમાં જુદા જુદા વિચારકોનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ હોઈ શકે છે. તેથી જ આપણે ન્યાય, સાંખ્ય-યોગ અને મીમાંસક જેવાં દર્શનોમાં પણ વિભજ્યવાદ તથા અનેકાંત શબ્દના ઉપયોગથી નિરૂપણ થયેલું જોઈએ છીએ. અક્ષપાદકૃત ન્યાયસૂત્રના પ્રસિદ્ધ ભાષ્યકાર વાત્સ્યાયને ૨-૧-૧૫, ૧૬ ના ભાષ્યમાં જે નિરૂપણ કર્યું છે તે અનેકાંતનું સ્પષ્ટ દ્યોતક છે; અને '**यथादर्शनं विभागवचनं**' એમ કહીને તો એમણે વિભજ્યવાદનો જ પડઘો પાડ્યો છે. આપણે સાંખ્યદર્શનની તત્ત્વચિંતનની સમગ્ર પ્રક્રિયાને ધ્યાનપૂર્વક જોઈશું તો જણાશે કે એનું નિરૂપણ અનેકાંતદૃષ્ટિથી કરવામાં આવ્યું છે. યોગદર્શનના ૩-૧૩ સૂત્રના ભાષ્ય તથા તત્ત્વવૈશારદી વિવરણને ધ્યાનપૂર્વક વાંચનાર, સાંખ્ય-યોગ દર્શનની અનેકાંતદૃષ્ટિને બરાબર સમજી શકે છે. કુમારિલે પણ શ્લોકવાર્તિકમાં તેમ જ બીજે પોતાની તત્ત્વવ્યવસ્થામાં અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યો છે.[1] માત્ર ઉપનિષદોનો જ આધાર લઈને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે અનેક વાદ સ્થાપિત થયા છે, તે ખરી રીતે અનેકાંતવિચારસરણીના જુદા જુદા પ્રકાર છે. તત્ત્વચિંતનની વાત બાજુએ મૂકી આપણે માનવજૂથોના જુદા જુદા આચાર-વ્યવહારો ઉપર ધ્યાન આપીશું તો એમાં પણ આપણને અનેકાંતદૃષ્ટિ દેખાશે. ખરી રીતે જીવનનું સ્વરૂપ જ એવું છે કે જે એકાંત દૃષ્ટિમાં પૂરેપૂરું અભિવ્યક્ત નથી થઈ શકતું. માનવવ્યવહાર પણ એવો છે કે જે અનેકાંતદૃષ્ટિનું અંતિમ અવલંબન લીધા વગર નભી શકતો નથી.

[ દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૫૦૦-૫૦૧ ]

૧. શ્લોકવાર્તિક, આત્મવાદ ૨૯, ૩૦ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનેકાંતદૃષ્ટિનો આધાર : સત્ય**

જ્યારે સમગ્ર જૈન વિચાર અને આચારનો પાયો અનેકાંતદૃષ્ટિ જ છે ત્યારે પહેલાં એ જોવું જોઈએ કે અનેકાંતદૃષ્ટિ કયાં તત્ત્વોને આધારે ઊભી કરવામાં આવી છે? વિચાર કરતાં તેમ જ અનેકાંત-દૃષ્ટિના સાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે અનેકાંતદૃષ્ટિ સત્યના આધારે ઊભી છે. જોકે બધાય મહાપુરુષો સત્યને જ ચાહે છે અને સત્યની જ શોધ તેમ જ સત્યના જ નિરૂપણમાં પોતાનું જીવન વિતાવે છે, છતાં પણ સત્યના નિરૂપણની પદ્ધતિ અને સત્યની શોધ બધાની એકસરખી નથી હોતી. બુદ્ધદેવ જે શૈલીથી સત્યનું નિરૂપણ કરે છે કે શંકરાચાર્ય, ઉપનિષદોને આધારે, જે ઢબે સત્યનું પ્રકાશન કરે છે, એનાથી ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલી જુદી છે. ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલીનું જ બીજું નામ અનેકાં-તવાદ છે. એના મૂળમાં બે તત્ત્વ છે: પૂર્ણતા અને યથાર્થતા. જે પૂર્ણ હોય, અને પૂર્ણ હોવા છતાં યથાર્થ રૂપે પ્રતીત થાય એને જ સત્ય કહેવામાં આવે છે.

કોઈ પણ વસ્તુનું સંપૂર્ણરૂપે ત્રિકાલાબાધિત યથાર્થ દર્શન થવું મુશ્કેલ છે; અને કોઈને એ થઈ પણ જાય તોપણ એનું એ જ રૂપે શબ્દોમાં યથાર્થ વર્ણન કરવું એ સત્યદ્રષ્ટા અને સત્યવાદીને માટે પણ બહુ મુશ્કેલ છે. કોઈ એ મુશ્કેલ કામને કેટલેક અંશે કરવાવાળા નીકળી પણ આવે તોપણ દેશ, કાળ, પરિસ્થિતિ, ભાષા, શૈલી વગેરેના અનિ-વાર્ય ભેદને લીધે એ બધાના વર્ણનમાં કંઈક ને કંઈક વિરોધ કે ભેદ દેખાઈ આવે, એ અનિવાર્ય છે. આ તો થઈ એ પૂર્ણદર્શી અને સત્યવાદી ગણ્યાગાંઠ્યા મનુષ્યોની વાત કે જેમને આપણે કેવળ કલ્પના કે અનુમાનને આધારે સમજી કે માની શકીએ છીએ. આપણો અનુભવ તો સામાન્ય માણસો સુધી મર્યાદિત છે, અને એ કહે છે કે સાધારણ માણસોમાં પણ ઘણાખરા યથાર્થવાદી હોવા છતાં પણ અપૂર્ણદર્શી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. આવી સ્થિતિમાં યથાર્થવાદીપણું હોવા છતાં પણ પોતાનું દર્શન અપૂર્ણ હોવાને લીધે અને એને પ્રગટ કરવાની સામગ્રી પણ અપૂર્ણ હોવાને કારણે સત્યપ્રિય માણસોની સમજણમાં પણ ક્યારેક ક્યારેક ફરક પડી જાય છે; અને સંસ્કારભેદ એમનામાં પરસ્પરમાં સવિશેષ સંઘર્ષ પેદા કરી દે છે. આ રીતે પૂર્ણદર્શી અને અપૂર્ણદર્શી બધાય સત્યવાદીઓ મારફત છેવટે ભેદ અને વિરોધની સામગ્રી આપોઆપ રજૂ થઈ જાય છે; અથવા બીજા લોકો એમના નામે આવી સામગ્રી પેદા કરી લે છે.

**ભગવાન મહાવીરે શોધેલી અનેકાંતદૃષ્ટિ અને એની શરતો**

આવી વસ્તુસ્થિતિ જોઈને ભગવાન મહાવીરે વિચાર્યું કે એવો શો રસ્તો કાઢી શકાય કે જેથી વસ્તુનું પૂર્ણ કે અપૂર્ણ સત્યદર્શન કરવાવાળાની સાથે અન્યાય ન થાય. બીજાનું દર્શન અપૂર્ણ તેમ જ પોતાના દર્શનનું વિરોધી હોવા છતાં જો એ સત્ય હોય, અને એ જ પ્રમાણે પોતાનું દર્શન અપૂર્ણ તેમ જ બીજાના દર્શનનું વિરોધી હોય, છતાં જો એ સત્ય હોય તો એ બન્નેને ન્યાય મળે એનો પણ શો ઇલાજ છે? —આવી જ ચિંતનપ્રધાન તપસ્યાએ ભગવાન મહાવીરને અનેકાંતદૃષ્ટિ સુઝાડી, અને એમનો સત્યની શોધનો સંકલ્પ સફળ થયો. એમણે પોતાને સાંપડેલી એ અનેકાંતદૃષ્ટિની ચાવીથી વ્યક્તિગત તેમ જ સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓના તાળાને ઉઘાડી નાખ્યું અને સમાધાન મેળવ્યું, ત્યારે એમણે જીવનમાં ઉપયોગી વિચાર અને આચારનું ઘડતર કરતી વખતે, એ અનેકાંતદૃષ્ટિને, નીચે પ્રમાણેની મુખ્ય શરતોથી પ્રકાશિત કરી, અને પોતાના જીવન દ્વારા એનું અનુસરણ કરવાનો એ જ શરતોએ ઉપદેશ આપ્યો. એ શરતો આ પ્રમાણે છે:—

(૧) રાગ અને દ્વેષમાંથી પેદા થતા સંસ્કારોને વશ ન થવું, અર્થાત્ તેજસ્વી મધ્યસ્થભાવ ધારણ કરવો.

(૨) જ્યાં લગી મધ્યસ્થભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં લગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ધ્યેય તરફ ધ્યાન રાખીને કેવળ સત્યની જિજ્ઞાસા રાખવી.

(૩) ગમે તેવા વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહીં અને પોતાના પક્ષની જેમ એ પક્ષની પણ આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષ તરફ પણ વિરોધી પક્ષની જેમ આકરી સમાલોચક દૃષ્ટિ રાખવી.

(૪) પોતાના તેમ જ બીજાઓના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે—ભલે પછી તે વિરોધી જ કેમ ન લાગતા હોય—એ બધાનો વિવેકબુદ્ધિથી સમન્વય કરવાની ઉદારતાનો અભ્યાસ કરવો અને અનુભવ વધતાં પહેલાંના સમન્વયમાં જ્યાં ભૂલ દેખાય ત્યાં મિથ્યાભિમાનનો ત્યાગ કરીને, સુધારો કરવો અને એ જ ક્રમે આગળ વધવું.

## અનેકાંતદૃષ્ટિનું ખંડન અને તેની વ્યાપક અસર

જ્યારે બીજા વિદ્વાનોએ અનેકાંતદૃષ્ટિનો તત્ત્વ રૂપે સ્વીકાર કરવાને બદલે સાંપ્રદાયિક વાદ રૂપે સ્વીકાર કર્યો ત્યારે એના ઉપર ચોતરફથી આક્ષેપોની ઝડીઓ વરસવા લાગી. બાદરાયણ જેવા સૂત્રકારોએ એના ખંડન માટે સૂત્રો રચી દીધાં; અને એ સૂત્રોના ભાષ્યકારોએ એ જ વિષયને અનુલક્ષીને પોતાનાં ભાષ્યોની રચનાઓ કરી. વસુબંધુ, દિઙ્નાગ, ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા મોટા મોટા પ્રભાવશાળી બૌદ્ધ વિદ્વાનોએ પણ અનેકાંતવાદની પૂરેપૂરી ખબર લઈ નાખી! આ બાજુ જૈન વિચારક વિદ્વાનોએ પણ એમનો સામનો કર્યો. આ પ્રચંડ સંઘર્ષનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે એક બાજુ અનેકાંતદૃષ્ટિનો તર્કબદ્ધ રીતે વિકાસ થયો અને બીજી બાજુ એનો પ્રભાવ બીજા વિરોધી સંપ્રદાયના વિદ્વાનો ઉપર પણ પડ્યો. દક્ષિણ ભારતમાં પ્રચંડ દિગંબરાચાર્યો અને પ્રચંડ મીમાંસક અને વેદાંતી વિદ્વાનોની વચ્ચે શાસ્ત્રાર્થનું દ્વંદ્વ થયું; એથી છેવટે તો અનેકાંતદૃષ્ટિનો પ્રભાવ જ વધુ ફેલાયો; તે એટલે સુધી કે રામાનુજ જેવા જૈન તત્ત્વના સાવ વિરોધી પ્રખર આચાર્યે શંકરાચાર્યના માયાવાદના વિરોધમાં પોતાના મતનું સ્થાપન કરતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે જોકે આધાર તો સામાન્ય ઉપનિષદોનો લીધો, પણ એમાંથી વિશિષ્ટાદ્વૈતનું નિરૂપણ કરતી વખતે અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યો, અથવા એમ કહો કે, રામાનુજે પોતાની ઢબે અનેકાંતદૃષ્ટિને વિશિષ્ટાદ્વૈતની રચનામાં પરિણત કરી અને એને ઔપનિષદ તત્ત્વનો જામો પહેરાવીને અનેકાંતદૃષ્ટિમાંથી વિશિષ્ટાદ્વૈતવાદ ઊભો કરીને અનેકાંતદૃષ્ટિ તરફ આકર્ષાયેલી જનતાને વેદાંતના માર્ગમાં સ્થિર કરી. પુષ્ટિમાર્ગના પુરસ્કર્તા વલ્લભાચાર્ય, જેઓ દક્ષિણ ભારતમાં થઈ ગયા, એમના શુદ્ધાદ્વૈતવિષયક બધાં તત્ત્વ જોકે છે તો ઉપનિષદના આધારવાળાં, પણ એમની સમગ્ર વિચારસરણી અનેકાંતદૃષ્ટિને આપવામાં આવેલું નવીન વેદાંત સ્વરૂપ છે. આ બાજુ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં બીજા વિદ્વાનો સાથે શ્વેતાંબર સંપ્રદાયના મહાન વિદ્વાનોનું ખંડનમંડનવિષયક જે દ્વંદ્વ થયું એના પરિણામે અનેકાંતવાદનો પ્રભાવ જનતામાં ફેલાયો અને સાંપ્રદાયિક ઢબે અનેકાંતવાદનો વિરોધ કરવાવાળા પણ જાણતા-અજાણતાં અનેકાંતદૃષ્ટિને અપનાવવા લાગ્યા. આ રીતે જોકે એક વાદરૂપે અનેકાંતદૃષ્ટિ અત્યાર સુધી જૈનોની જ લેખાય છે, તોપણ એનો પ્રભાવ કોઈ ને કોઈ રૂપે, અહિંસાની જેમ વિકૃત કે અર્ધવિકૃત રૂપે, ભારતના દરેક ભાગમાં ફેલાયેલો છે. આની સાબિતી બધા ભાગોના સાહિત્યમાંથી મળી શકે છે.

[ દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૫૧-૧૫૨, ૧૫૫-૧૫૬ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org